

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ડો. સીતારામનની દવા મળી ગઈ છે,
ને રિઝર્વ બેન્કની પણ હવા મળી ગઈ છે.
મળી ગઈ છે શ્રી સવા ગ્રાન્ટ અર્થતંત્રને -
રજા શિયાળને સિંહ થવા મળી ગઈ છે.

### હાઈકુ

ચાંચ ન મારો
'લવાદ' વિવાદમાં
ભાંગી પડશે!

બતાવ્યું પાણી
જળની વ્યવસ્થામાં
ધન્ય રૂ-પાણી

### ચિંતન

**કબીર હરિ કે નામ સે, કોટિ વિઘ્ન કટિ જાય,**
**રાઈ માત્ર વૈસન્દરા, કેતા કાઠ જલાય.**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

'ધર્મેણ્ય પાપમપનુંદતિ' અર્થાત્ ધર્મથી પાપનો નાશ થાય છે, પણ આપણને સમજણ જ નથી કે ધર્મ શું છે? એને પ્રાપ્ત કઈ રીતે થાય?

આ શંકાનું નિવારણ કરતાં કબીર કહે છે હરિનું નામ સ્મરણ રટણ અને જય કરવાથી ધર્મ ઉત્પન્ન થાય છે અને ધર્મનું આચરણ કરો તો તમારા કરોડો વિઘ્ન એટલે કે પાપ અને સંકટનો નાશ થાય છે. કબીર અગ્નિનું ઉદાહરણ આપીને કહે છે કે અગ્નિની એક રાઈના દાણા જેવડી નાની ચિનગારી જો લાકડાના ઢગલામાં પડે તો લાકડાનો ઢગલો બળીને ભસ્મિભૂત થઈ જાય છે. તેમ હરિનું નામ તમારા અનેક પાપોને બાળીને નષ્ટ કરે છે.

જેમ અંધકારનો વિરોધ પ્રકાશ છે. તેમ ધર્મ એ જ પાપનો વિરોધી અને વિનાશક છે. અને એ જ સત્ય છે કે ધર્મથી જ પાપ અને દુઃખમાંથી મુક્તિ મળે છે.

### સુવિચાર

- સવાલ : અધૂરી રહે છતાં તેનું આકર્ષણ હંમેશા રહે એ શું ? જવાબ આશા - **બોધિવૃક્ષ**
- મનુષ્ય ઈચ્છા પ્રમાણે બધું જ કયારેય પ્રાપ્ત કરી શકતો નથી,
  જહાજો ઈચ્છે એમ પવનો હંમેશા ફૂંકાતા નથી - **અરબી કહેવત**
- વિશ્વમાં સૌથી મોટો ભ્રમ એ છે કે, આ વિશ્વમાં દૂષણો કાયદાથી જ દૂર કરી શકાશે - **થોમસ બ્રેકેટ**
- દુર્ગુણ આનંદમાં પણ આપણને ડંખે છે, જયારે સદ્‌ગુણ દુઃખમાં આશ્વાસન આપે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- 'રહેઠાણ' હોય તેને 'મકાન' કહેવાય અને જયાં 'રાહત' હોય એને 'ઘર' કહેવાય - **જનક નાયક**
- જ્ઞાનને ઘમંડ હોય છે કે હું કેટલું બધું જાણું છું,
  ડહાપણ વિનમ્ર હોય છે કે હજી કેટલું બધું જાણવાનું બાકી છે - **વિલિયમ કૂપર**
- આજનું ઔષધ : સૂંઠ, સાજીખાર અને હીંગ પાઉડર ને સરખે ભાગે મિક્સ કરી નવશેકા ગરમ પાણી સાથે લેવાથી દરેક જાતના અંગના દુઃખાવામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક અતિ ધનવાન શેઠને ખ્યાલ આવી ગયો કે બસ એકાદ મહિનામાં જ મૃત્યુ નિશ્ચિત છે. તેના પરિવારમાં પત્ની કે પુત્રી કે પુત્ર કોઈ નહોતાં. આથી એને મૃત્યુ પછી ધન કોને સોંપવું એની ચિંતા થઈ. એણે પોતાની સંપત્તિનો વારસ શોધવા શહેરમાં ઢંઢેરો પિટાવ્યો. અને જાહેરાત કરી કે એની પાસે ખૂબ ધન છે. એ કોઈ યોગ્ય વ્યક્તિને વારસારૂપે આપવા માંગે છે. તો આવી વ્યક્તિએ એને રૂબરૂ આવી મળવું. ધનની લાલચે ઘણા લોકો એને મળવા આવ્યા પણ એક યુવાન એને મળવા ન ગયો. શેઠે યુવાનને મળવા માટે મુનિમ થકી નિમંત્રણ પાઠવ્યું. ત્યારે યુવાને નમ્રભાવે જવાબ કર્યો કે એની પાસે આને માટે કોઈ સમય નથી. મુનિમે સંદેશો પાઠવ્યો એટલે શેઠ ખુદ પેલા યુવાનને મળવા ગયા.... જોયું તો યુવાનનું ઘર સાવ સામાન્ય હતું. કપડા પણ ફાટી ગયા હતા. ધનવાને પૂછ્યું 'આખા નગરના લોકોને મારા વારસ થવું છે અને એક તું જ મને મળવા નથી આવ્યો ? તને ઘરની જરૂર નથી.' યુવાને કહ્યું, 'માફ કરજો શેઠ, તમારી પ્રશસ્તિ કરીને મારે ધનસપંત્તિ મેળવવી નથી. જરૂર પડે તો હું ઈશ્વર પાસે જ માગીશ. એ અક્ષય સંપત્તિના સ્વામી છે. આજે પણ એ ઈશ્વર મને સાદુ અને પૌષ્ટિક ભોજન પુરુ પાડે છે. જે મારા માટે પર્યાપ્ત છે. એને માટે મારે કોઈની ખુશામત કરવાની શી જરૂર ?' યુવાનની વાતથી શેઠને પોતાના સાચા વારસની શોધ પૂરી થતી લાગી, એમણે યુવાનને પોતાની સંપત્તિનો વારસ નિયુક્ત કર્યો.

# અંધશ્રદ્ધા સામે જંગ જરૂરી છે

**તંત્રીસ્થાનેથી...**

માનવીનું મન એવું તરલ અને સરલ છે કે એ ટૂંકા રસ્તા શોધતાં ફસાઈ જવાશે એની ચિંતા કે દરકાર પણ કરતું નથી. આધુનિક તબીબી વિજ્ઞાન જયારે કેન્સર જેવા જીવલેણ રોગો સામે પણ એનો શિકાર બની ગયેલા દરદીને થોડા વધુ દિવસ જીવવાની જોગવાઈ કરી આપે છે તેવા સંજોગોમાં અંધશ્રદ્ધાની હાટડી માંડી બેઠેલી 'ઢબુડી મા' જેવાં તત્ત્વોના શરણે જઈ પોતાના લાડકા દીકરાને નજર સામે તરફડી તરફડી મરતો જોનાર પિતાએ આખરે વિજ્ઞાનજાથાના અગ્રણીની સલાહ લઈ ઢબુડી મા સામે પોલીસ કેસ દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે. આજે એકવીસમી સદીમાં પણ આવી ઘટનાઓ બને છે અને એનું કારણ માનવીનો અવૈજ્ઞાનિક અભિગમ છે. શા માટે લોકો મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા કે ઠેર ઠેર ફૂટી નીકળેલી માતાઓનું શરણું લેવા દોડી જાય છે ? ધર્મના ઓઠા હેઠળ આવાં સ્થળો પર ભોળી, અભણ પ્રજાને લૂંટવાનાં ધતિંગ ચાલતાં રહ્યાં છે અને આગામી ઘણા દાયકાઓ સુધી ચાલતાં રહેશે એવી આગ્રાહી કરવામાં જોખમ નથી. ગુરુઓ, ભૂવાઓ, સંતો-મહંતો કયાંક ધોરાધાગા કે મંત્રતંત્ર દ્વારા તો કયાંક ધૂણવાનું નાટક કરીને, ઊકળતા તેલમાં પૂરીઓ તળીને કે એવાં ભાતભાતનાં કરતબ રચીને એમના શિકારને આકર્ષે છે. ઢબુડીમા અગાઉ રૂપાલમાં મેળા ટાણે કે પલ્લી પ્રસંગે છૂંદણાં છૂંદીને અને આડા દિવસે રિક્ષા ફેરવીને પેટિયું રળતો ગરીબ માણસ છે. એમાંથી એકાએક તે દૈવી શક્તિ ધરાવતી 'ઢબુડીમા' બની જઈ ટૂંકા ગાળામાં કરોડોની મિલ્કત વસાવી લે છે. પોતે ચારે આંગળીઓ પર સોનાની વીંટીઓ પહેરે છે અને મોંઘીદાટ કારમાં ગામેગામ ફરી નવી નવી ગાદીઓ સ્થાપે છે. આ બધું લોકોની નજર સામે, લોકોની મૂર્ખામીને કારણે અને લોકોના ખર્ચે તથા જોખમે ચાલી રહ્યું છે. ઢબુડીમા જેવી બીજી ઘણી માતાઓ અગાઉ પ્રગટી છે અને કાળક્રમે ખોવાઈ પણ ગઈ છે. ખેરાલુવાળા પાણી મંતરતા બાપુથી લઈ ઢબુડીમા કે મેલડીમાના નામે થતા રહેતા કહેવાતા ચમત્કારો આખરે તો પ્રજાના અવૈજ્ઞાનિક અભિગમનું જ પરિણામ છે. મોટા ઑફિસરો અને અઢળક સંપત્તિ ધરાવતા માલેતુજારો પણ આ નીચલા થરની અંધશ્રદ્ધાળુ પ્રજામાંથી ફૂટી નીકળેલી માતાઓ અને ભૂવાઓ પાસે એમની સમસ્યાઓનાં સમાધાન શોધવા દોડી જાય છે. જયારે આવા તત્ત્વો વિરુદ્ધ કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવે છે ત્યારે પોલીસથી લઈ ઉચ્ચ અધિકારીઓ અને સરસારમાં બેઠેલા પ્રધાનો સુધ્ધાં રીતસર અંદરથી ફફડતા હોય છે - કારણ કે એમને પણ આવાં તત્ત્વો પાસે ખરેખર કોઈ દિવ્ય શક્તિ હોવા વિશેનો વહેમ તો હોય જ છે. વહેમનું ઓસડ વિજ્ઞાન જ ગણાય, પણ એનો સ્વીકાર કે પુરસ્કાર કરવાની માનસિકતા હજી સુધી આપણા 'ગરીબ' દેશની પ્રજામાં કેળવાઈ નથી તે હકીકત છે.

# બીજાની ખામીમાં રસ લેવો, એ જ આપણી ખામી છે!



**લાગણીનો મેળો**

રસિક વાળંદ

જન્મ, ઐશ્વર્ય, વિદ્યા ને લક્ષ્મીથી મદમત્ત જે,
પ્રભુનું નામ લે તોયે પ્રભુથી દૂર દૂર એ !

●●●

નવદ્યા ભક્તિનું પ્રથમ સોપાન શ્રવણ ભક્તિ, શ્રવણ ભક્તિનું મહિમા ગાન કરતો શ્રાવણ માણસ હવે વિદાય લેશે.... શિવમાંથી છૂટો પડેલોજીવ પુનઃ શિવમાં ભળે એમાં જ ખરું માનવ્ય રહેલું છે. 'શિવો ભૂત્વા શિવં યજેત્' એ ન્યાયે માણસે શિવ થઈને જ શિવની પૂજા કરવી જોઈએ.

દોસ્તો, શિવાલયમાં આપણે પૂર્ણ પ્રદક્ષિણા કરતા નથી એ વાત સમજવા જેવી છે. પુષ્પદંત નામે એક ગંધર્વ ચિત્રરત રાજાના પ્રમદવનમાંથી પુષ્પોની ચોરી કરી એ પુષ્પો થકી શિવપૂજા કરતા. પ્રમદવનની રક્ષા કરવા રાજાએ રોકેલા રક્ષકો પકડી ન શકે એ રીતે પુષ્પદંત ચોરી છૂપીથી આ કામ કરતો. રોજિંદી ચોરીથી કંટાળેલા રાજાએ ચોર પકડવાનો ઉપાય વિચાર્યો. રાજાએ બગીચામાં ઠેરઠેર શિવ નિર્માલ્ય એવાં પુષ્પો અને બિલિપત્રો વેરી દીધાં. અજાણતાં જ પુષ્પદંત શિવનિર્માલ્ય ઓળંગી ગયો. પરિણામે તેની અદૃશ્ય રહેવાની શક્તિ નાશ પામી અને તે પકડાઈ ગયો. તેણે પોતાની અદૃશ્ય થવાની શક્તિ પાછી મેળવવા ભગવાન સદાશિવનું મહિમાગાન કર્યું અને તે જ 'શિવ મહિમ્નઃ સ્તોત્ર'. શિવ નિર્માલ્યને ઓળંગવાથી માણસ શક્તિહીન બને છે અને એ દોષથી બચવા આપણે શિવાલમયાં સંપૂર્ણ પ્રદક્ષિણા કરતા નથી.

મિત્રો, શિવનિર્માલ્ય અર્થાત્ જે જીવન પ્રભુ પર ચડી ગયું હોય તે. ઈશ સમર્પિત જીવન કે પ્રભુ કાર્યમાં રત એવા લોકો વિશે ગમે તેમ બોલવું એ શિવનિર્માલ્યનું ઉલ્લંઘન ગણાય.... આવું પાપ કરનારો ગમે તેવો શક્તિશાળી હોય તો પણ થોડાક જ વખતમાં શક્તિહીન બને છે. તેથી હવનમાં હાડકાં ન નંખાય... પ્રભુ પર ચડેલું વિત્ત કે પ્રભુને માટે ચાલતું રહેલું કાર્ય કે ઈશ સમર્પિત જીવનનું હંમેશ સન્માન કરવું જોઈએ. સંપૂર્ણતઃ સાત્વિક કાર્યની અવગણના... અવહેલના કે ટીકાટીપ્પણ કરવી એ મર્યાદા ભંગ જ ગણાય... શિવનિર્માલ્યને ઓળંગવા બરાબર છે. સાચો શિવોપાસક શિવજીની અવગણનાને ન સહી શકે !

એક સાંભળેલી વાત યાદ આવે છે. એક સાધુ મહારાજ રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. તેમની પાછળ એક નવદંપત્તિ ચાલી રહ્યું હતું. રસ્તા પરના કીચડને લીધે સાધુ મહારાજનો પગ લપસ્યો અને પડી ગયો. કાદવના થોડા છાંટા પાછળ આવતી યુવતી પર પડ્યા. આ જોઈને એ યુવતીના પતિને ગુસ્સો આવ્યો. ક્રોધના આવેશમાં અને પોતાની પત્ની પર પ્રભાવ પાડવાના ઉત્સાહમાં ઘેલા યુવાને સાધુ મહારાજને બે ત્રણ તમાચા ચોડી દીધા. સાધુ મહારાજ તો બિચારા નિર્દોષ હતા. અજાણતાં જ પગ લપસ્યોને થોડું વાગ્યું પણ ખરું... પરંતુ સાધુ મહારાજ ક્ષમા ધારણ કરી ચૂપચાપ ચાલવા માંડ્યા...

આ ઘટના પેલા નવદંપત્તિની પાછળ ચાલતા એક યુવાને પણ નિહાળી. એને પેલા યુવાનનું કૃત્ય ન ગમ્યું... પરંતુ કશું જ બોલ્યો નહીં ને સમસમીને ચાલતો રહ્યો.... આગળ જતાં આ નવદંપત્તિએ એક મકાનની પડખેની દીવાલની બહાર લટકતી એક છોડની ડાળી પર એક સુંદર ફૂલ જોયું. પત્નીનું મન લલચાયું. પત્નીને ખુશ કરવા એ યુવાન ફૂલ તોડવા દીવાલ પાસે ગયો. ને અચાનક લૂણો લાગેલી દીવાલનો કેટલોક ભાગ તૂટી પડવાને લીધે યુવકને પગ ભાંગી ગયો. પાછળ આવતો પેલો યુવાન આ દશ્ય જોઈ હેબતાઈ જ ગયો. દોડતો દોડતો એ યુવાન પેલા સાધુ મહારાજ પાસે પહોંચ્યો અને તેમના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરીને કહેવા લાગ્યો, 'તમે મહાન ચમત્કારી સંત છો. તમે કહીને નહીં પણ કરીને દેખાડો છો. તમે પેલા યુવાન સાથે ઝઘડ્યા નહીં પરંતુ તમારી ગુપ્ત સિદ્ધિ થકી એને સબક શીખવાડ્યો.'

આખી વાત તે યુવાન પાસેથી સાંભળ્યા પછી એ સાધુ મહારાજે કહ્યું, 'બેટા, મેં કશું જ કર્યું નથી હું તો એક સીધો સાદો આદમી જ છું. ભગવાનના વિચારો લઈને વિશ્વમાં વિચરું છું. જે કંઈ થયું હશે તે મારી શક્તિથી નહીં પરંતુ પ્રભુની શક્તિથી બન્યું છે. પેલા યુવકને એની પ્રિયતમા પર ઉડેલા છાંટા સહન થયા નહીં. તો મારા પ્રિયતમ (પ્રભુ)થી મને કારણ વગર પડેલા તમારા કેમ સહન થાય ?'

મિત્રો, ભગવાનને ભક્તનું અપમાન - અવહેલના - અવગણના અસહ્ય બની જાય છે. શિવનિર્માલ્યના ઉલ્લંઘનનું રહસ્ય સમજાય તો આપણાં ધર્મસ્થાનો અને તીર્થ ક્ષેત્રોમાં ચાલતા પાપાચારોને પાપલીલાથી સમાજ મુક્ત બને !!

**સ્પર્શમણિ :**

જીવનની સાચી મજા તો ભોળા લોકો જ લે છે...
બુદ્ધિશાળીઓને તો બોલવા માટે પણ પ્લાન કરવો પડે છે...!!

●●●

બીજાની ખામીમાં રસ લેવો, એ જ આપણી ખામી છે!

●●●

હોય છતાં નથી આપવું એ માણસ;
નથી છતાં આપી દેવું એ માણસાઈ...

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

# માણસની બધી જ જરૂરિયાતોની પૂર્તિ થયા પછી પણ કશુંક બાકી રહી જાય છે, આ દિવ્ય અસંતોષમાંથી ધર્મ અને અધ્યાત્મનો પ્રારંભ થાય છે



**અબીલ-ગુલાલ**

મમતા રાવલ

પવિત્ર શ્રાવણ માસમાં પ્રભુ ભક્તિ, ધર્મ અને પરંપરાના અનુસરણના દિવસો ચાલી રહ્યા છે. આખા વર્ષની પ્રભુ ભક્તિનો સ્ટોક ભરી લેવાનો હોય એમ શ્રાવણ માસમાં ધાર્મિકતા અને રિવાજો છવાયેલા રહે છે. માનવીય શક્તિ અને વિજ્ઞાનથી અધિક શક્તિશાળી તત્વને આપણે પ્રભુ, ઈશ્વર, ભગવાન એવા અનેક નામો આપ્યા છે. જન્મથી જ એની સ્વીકૃતિ આપણા લોહીમાં ભળેલી છે.

ગાંધીનગરના કેટલાય યુવાનો એવા છે જે વહેલી પરોઢે ત્રણ વાગે ઊઠીને શિવમંદિરમાં પૂજા અર્થે પહોંચે છે. હમણાં જ એક એવા યુવાન સાથે મુલાકાત થઈ જેણે પોતે આ શ્રાવણ માસમાં તમામ બાર જ્યોર્તિલીંગના દર્શન કરવાનો ભેખ લીધો છે. માત્ર વીસ વર્ષના આ યુવાને એકલપંડે મુસાફરી કરીને દસ જ્યોર્તિલીંગના દર્શન કરી લીધા છે. હવે એ આગળ અભ્યાસ અર્થે વિદેશ જનાર છે. યુવાનની આ ધગશ અને શ્રધ્ધાથી મારું

**મહાભારત, રામાયણ અને એવા અનેક મહાગ્રંથોના સર્જનમાં માનવીય નબળાઇઓ જ કારણભૂત રહી છે**

મન પુલકિત થયું. આપણે નસીબદાર છીએ કે આપણી સંસ્કૃતિ અને પરંપરાએ આપણા માટે મજબૂત પ્લેટફોર્મ તૈયાર આપ્યું છે. જ્યાંથી આગળની યાત્રા ખૂબ સરળ બને છે.

બીજા એક ગુજરાતી-બુધ્ધીશાળી એન્જીનિયર યુવાન સાથેની મુલાકાત પણ રસપ્રદ રહી. આ યુવાન આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાયેલી સ્પર્ધા 'રોબોકોન' માં ભાગ લઈને આવ્યો હતો. અનેક સંઘર્ષો કરીને એમની ટીમ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પહોંચી હતી. પરંતુ ત્યાં પહોંચ્યા પછી એમણે પોતાની જાતને ખૂબ નાની મહેસૂસ કરી. સમગ્ર ભારત દેશમાં પ્રથમ ક્રમે આવનાર ટીમે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનો નંબર ખૂબ પાછળ હોવાનું અનુભવ્યું. એમાં ટેકનોલોજી અને આર્થિક કારણો તો મુખ્ય હતા જ. પરંતુ યુવાને તારવેલી વાતો એના મોઢે સાંભળવાની મઝા આવી. એ રસપૂર્વક બોલતો હતો...'ત્યાં બધુ બહુ અલગ છે (એટલે કે વિદેશમાં). આટલી મોટી સ્પર્ધા હતી પણ એકદમ શિસ્ત ભરેલું વાતાવરણ હતું. લોકો એકદમ નમ્ર હતા...મદદ માટે હંમેશા તૈયાર હતા...મારું-મારું એવો ભાવ ન હતો...પોતાનો રોબોટ પણ મુક્ત મને જોવા અને સમજવા દેતા હતા...તેમના મેન્ટર સતત એમની સાથે જ હતા, અમારા કોચનો અતોપતો ન હતો.'

આ યુવાન હતાશ હતો, નિરાશ હતો, એટલે નહીં કે એની ટીમ હારી ગઈ હતી. પરંતુ એના આત્મગૌરવ પર પ્રહાર થયો હતો. પોતાનો દેશ અને પોતાના લોકો, ભારતની સંસ્કૃતિ અને સભ્યતા વિશે એણે જે પણ સાંભળ્યું હતું, એનો જે વિશ્વાસ હતો એ હલી ગયો હતો. વ્યક્તિ બાળપણથી સંપૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ સાથે ધર્મ સાથે જોડાયેલી દરેક પરંપરાને આસ્થાથી નિભાવીને યુવાનીમાં પ્રવેશ કરે છે. શીતળા સાતમે ઠંડુ ખાવું, શ્રાધ્ધ પક્ષમાં કાગવાસ નાંખવો, યજ્ઞ-પૂજા આદિને કોઈ સવાલ, તર્કના પ્રયોગ વગર સ્વીકારીને એમાં જોડાય છે. વય વધવાની સાથે વધતાં દુનિયાના સંપર્કો દરમ્યાન એના પારદર્શક મન પર અને ડાઘ-ધબ્બા લાગવાની શરૂઆત થાય છે. અન્ય લોકોના વ્યવહાર – માનસિકતા એનામાં દ્વિધા પ્રેરે છે. એણે જોયેલા સંસ્કારી – ધર્મનિષ્ઠ લોકોનો પ્રપંચ જોઇ, એ આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. કહેની અને કરણીનો ફર્ક એને મુંઝવણમાં મૂકે છે.

જે સબંધોના તાણાવાણામાં હુંફાળપ અનુબવાતી હતી એ તમામ સંબંધોનું બીજું પાસું, એનું વરવું રૂપ એને ડિસ્ટર્બ કરી નાંખે છે. રોજે રોજ થતાં કડવા અનુભવો, સંબંધોમાં છલના, સ્વાર્થવૃતિ, બેઈમાની, વિશ્વાસઘાત અંદરથી હલબલાવી દે છે. સંબંધોને પોતાનું તમામ શ્રેષ્ઠ આપ્યા પછી પણ સર્જાતો શૂન્યાવકાશ સમજાતો નથી. જ્યાં-જ્યાં બેફિકરાઈથી જીવ્યા ત્યાં ઈવોલ્યુશન થતું હતું, માર્કશીટ બનતી હતી, નેગેટીવ માર્ક્સ્ વધતાં સંબંધની શાળામાંથી મળતી બરતરફી આઘાતજનક સાબિત થાય છે. પોતાની જાણબહાર જ સતત કોર્ટના કઠેરામાં હોવાનો અહેસાસ સતત પરીક્ષાર્થી તરીકે જીવવાના અનુભવની વાસ્તવિકતા વરવી છે. કોઇ પણ સમયે તમને અયોગ્ય ઠેરવીને પડતી લાત, અંધકારની એવી ખીણમાં ધકેલી શકે છે. જ્યાં જીવન-મૃત્યુ બંને નો સાથ છુટી શકે છે. આજ કારણોથી આંતરિક દ્રંદ્ર વધ્યા છે. આત્મહત્યાના કિસ્સા અને બ્રેક-અપ્સ વધ્યા છે. સંબંધ ક્યારેય તૂટી જ ન શકે એ વિભાવના પ્રાણ જાય પણ વચન ન જાય ની સંસ્કૃતિ જેને બાળ ઘૂંટીમાં પીવડાવવામાં આવી છે એવા સંવેદનશીલ સાચા માણસ માટે વાસ્તવિકતાઓ પચાવવી અઘરી બને છે. અને એટલે જ વિદેશથી પરત આવ્યા બાદ યુવાનનું મન અનેક કશ્મકશમાં ઘેરાયું હતું.

આ બધા જ માનવીય ગુણધર્મો આજકાલથી નહીં યુગોથી આ ધરતી પર અસ્તિત્વ ધરાવે છે. ફર્ક એટલો છે કે એનો ભેટો ક્યારે થાય છે. એ આપણું પ્રારબ્ધ નક્કી કરે છે. મહાભારત, રામાયણ અને એવા અનેક મહાગ્રંથોના સર્જનમાં આજ માનવીય નબળાઇઓ કારણભૂત રહી છે. વાલ્મિકી ઋષિની વાલિયા લૂંટારાથી ઋષિ-તપસ્વી સુધીની યાત્રા આપણે જાણીએ છીએ. સ્વાર્થ અને સ્વકેન્દ્રિતાથી, એક લૂંટારાનું મન એ હદે દુભાયુ કે એણે સંસારનો ત્યાગ કર્યો...પ્રભુનામનું શરણ લીધું. પત્નીના સૌંદર્ય પાછળ પાગલ કવિ કાલિદાસે કઠોર વચનોથી દુ;ખી થઈને કરેલી મહાકાવ્ય 'મેઘદૂત' ની રચનાની કહાણી અને આપણે જાણીએ છીએ...

મબલખ સંપતિ અને એશોઆરામ જેને બાંધીના શક્યા, દુનિયા પર દુ;ખી લોકો જોઇ જેનું હદય દ્રવિત થઈ ઊઠ્યું એવા રાજકુમાર સિધ્ધાર્થના હદય પરિવર્તન, સંન્યાસ અને તપશ્ચર્યા બાદ 'ભગવાન બુધ્ધ' તરીકે ના નવા અવતારની કથાથી પણ માહિતગાર છીએ.

આવા અનેક ઉદાહરણો છે જેમાં સામાન્ય જન થી અવતાર સુધી, એક જીવની યાત્રાના દર્શન જોવા મળે છે. આ એ ઉદાહરણો છે જેમાં સાંસારિક જીવન-ધર્મ અને અધ્યાત્મ ત્રણેયનો સમન્વય રહેલો છે. માણસની બધી જ શારીરિક-માનસિક જરૂરિયાતોની પૂર્તી થયા પછી પણ કશુંક બાકી રહી જાય છે. આ દિવ્ય અસંતોષમાંથી ધર્મ અને અધ્યાત્મનો પ્રારંભ થાય છે.

આવી અનેક પીડાભરી દ્વિધાના જાત અનુભવ પછી ધર્મ અને આધ્યાત્મિકતાને સમજવાની ઇચ્છા તીવ્ર બની. ધાર્મિક-આધ્યાત્મિક પુસ્તકોના વાંચન, પ્રવચનો સાંભળવાની યાત્રામાં અનોખો આનંદ અનુભવાયો. એ અનુભૂતિની યાત્ર અહીં આ માધ્યમથી સિરીઝ રૂપે આપણે માણીશું.

હર હર મહાદેવ !!!

(વધુ આવતા અંકે)

આ બધા જ માનવીય ગુણધર્મો આજકાલથી નહીં યુગોથી આ ધરતી પર અસ્તિત્વ ધરાવે છે. ફર્ક એટલો છે કે એનો ભેટો ક્યારે થાય છે. એ આપણું પ્રારબ્ધ નક્કી કરે છે. મહાભારત, રામાયણ અને એવા અનેક મહાગ્રંથોના સર્જનમાં આજ માનવીય નબળાઇઓ કારણભૂત રહી છે. વાલ્મિકી ઋષિની વાલિયા લૂંટારાથી ઋષિ-તપસ્વી સુધીની યાત્રા આપણે જાણીએ છીએ. સ્વાર્થ અને સ્વકેન્દ્રિતાથી, એક લૂંટારાનું મન એ હદે દુભાયુ કે એણે સંસારનો ત્યાગ કર્યો...પ્રભુનામનું શરણ લીધું. પત્નીના સૌંદર્ય પાછળ પાગલ કવિ કાલિદાસે કઠોર વચનોથી દુ;ખી થઈને કરેલી મહાકાવ્ય 'મેઘદૂત' ની રચનાની કહાણી અને આપણે જાણીએ છીએ...

# મનુભાઈ ત્રિવેદીનું એક અનોખુ બાળ કાવ્ય



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

(ભાગ-૧)

શ્રી મનુભાઈ ત્રિવેદીએ "સરોદ"ના નામથી ભજનો લખ્યાં છે અને "ગાફિલ"ના નામથી ગઝલો લખી છે. તમને કદાચ નવાઈ લાગશે પણ મનુભાઈએ ભજનો અને ગઝલો ઉપરાંત બહુ સરસ મઝાના બાળકાવ્યો પણ લખ્યાં છે. શ્રી મનુભાઈ બાળમનના પણ સારા જાણકાર છે અને તેથી જ તેઓ બાળકના મગજમાં ઉતરી જાય તેવાં સરસ મઝાના બાળકાવ્યો આપી શક્યા છે. બાળકોને પશુ પંખી અને કૂદરતના તત્વો જોવાં બહુ ગમે છે. એક નાનકડા ખીલેલા ફૂલને તે કેટલી ઉત્સુકતાથી જોઈ રહે છે ! એટલે જ તો આ કવિએ પણ બાળકોના આવા ગમતાં વિષયોના ગીતો બહુ રસથી લખ્યાં છે. તેમણે બાળકોને હોંશે હોંશે ગાવા ગમે તેવાં સરસ ઢાળમાં બાળકાવ્યો લખ્યાં છે.તેમણે લગભગ બધા વિષય પર કાવ્ય લખ્યાં છે. શ્રી મનુભાઈએ ફરીયાદનામુ નામનું એક મોટુ બાળકાવ્ય લખ્યું છે.તેમાં ઊંટ, બળદ, વાનરભાઈ,ઘોડો, ગધ્ધો, બિલ્લીબાઈ,કૂતો, પોપટ, ઉંદર, કાગ, બધા ભગવાન આગળ આ માણસ જાતનો બહુ ત્રાસ છે તેવી ફરિયાદ કરે છે.તેમની ફરિયાદનો ભગવાન કઈ રીતે નિકાલ કરે છે તે પણ જોવા જેવું છે. આ આખો લેખ તમારા બાળકને જરૂરથી સંભળાવશો. એને મઝા આવે છે કે નહીં તે જણાવશો તો

**શ્રી મનુભાઈએ ફરીયાદનામુ નામનું એક મોટુ બાળકાવ્ય લખ્યું છે.તેમાં ઊંટ, બળદ, વાનરભાઈ,ઘોડો, ગધ્ધો, બિલ્લીબાઈ,કૂતો, પોપટ, ઉંદર, કાગ, બધા ભગવાન આગળ આ માણસ જાતનો બહુ ત્રાસ છે તેવી ફરિયાદ કરે છે.તેમની ફરિયાદનો ભગવાન કઈ રીતે નિકાલ કરે છે તે પણ જોવા જેવું છે**

આનંદ થશે.

ફરિયાદનામું આમુખ પશુ પંખી હરિવરને દ્વાર માનવ સામે કરે પુકાર; ઊંટ, બળદ ને વાનરભાઈ, ઘોડો, ગધ્ધો, બિલ્લીબાઈ, કૂતો, પોપટ, ઉંદર, કાગ, ઠલવે સહુ હૈયાની આગ.

ઉપર જણાવ્યું છે તેમ ઊંટ, બળદ, વાનરભાઈ,ઘોડો, ગધ્ધો, બિલ્લીબાઈ,કૂતો, પોપટ, ઉંદર, કાગ, બધા ભગવાન આગળ ફરિયાદ કરવા આવ્યા છે. દરેક જણ પોતપોતાની ફરિયાદ ભગવાન આગળ રજૂ કરે છે. સહુ પહેલાં ગધેડો આવે છે તે કહે છે :- ગધેડો મારી સાદી સીધી વાત, ગમે નહીં તો મારું લાત; પણ આ માનવ કેરી જાત, હૈયે કૈં, હોઠે કૈં વાત ! હું તો સહુના ભાર ઉપાડું; જોઉં નહીં અવળું કે આડું: પડે ડફણાં, એય સહી લૌં; સુખ દુઃખ મારાં સાફ કહી દૌં; ભૂંકણ એને માને લોક; એનો પણ મારે નવ શોક. મારું દુઃખ છે બીજું સાવ, આપ હરિ મુજ સુણજો રાવ; કહે ગધેડો મૂર્ખાને જન, એ જ બળાપો છે મારે મન. ગધેડો કહે છે હે પ્રભુ, મારી વાત એકદમ સાદી સીધી છે. મને કોઈ વાત ના ગમે તો હું લાત મારું છું એ મારી ટેવ છે. પણ આ માણસો તો મનમાં કાંઈ વાત હોય અને મોઢેથી જુદી વાત કરે છે.હું માણસોનું કેટલું કામ કરું છું. ડફણાં ખાઈને ભાર ઉપાડું છું. એનું ય મને કોઈ દુખ નથી પણ આ માણસો એમની જાતના બીજા માણસમાં અક્કલ ના હોય તો એને ગધેડો કહે છે. આ તો અમારી આખી જાતિનું અપમાન જ કહેવાય ને ? મને આ વાતનું ભારે દુખ છે.

ગધેડાની વાત પૂરી થતાં બળદ આવે છે. ગધેડો બાજુમાં ઊભો રહે છે અને બળદ પોતાની ફરિયાદ રજૂ કરે છે.

● આળસુને પણ વર્ણવવાને મારી ઉપમા દેતા શાને ?

બળદ કહે છે ," હે ભગવાન ! પહેલાં હું માણસોના કેટલા કામ કરતો હતો ? ખેતર ખેડતો હતો. અનાજ પકવતો હતો. ગાડું ખેંચતો હતો. હવે ટ્રેક્ટર આવ્યા પછી મારે બહુ કામ કરવા પડતાં નથી પણ લોકો એદી માણસને બળદ કહે છે.પોતે ખાઈપીને પડ્યા રહે છે, કશું કામ કરતા નથી પણ આળસુઓને બળદ ગણે છે. મારું આવું અપમાન મારાથી સહેવાતું.તમે આ માણસને કંઈ શીખામણ આપો.

બળદની વાત પૂરી થાય તે પહેલાં ઊંટ આવે છે. બળદ ગધેડાની બાજુમાં જઈને ઊભો રહે છે. ઊંટ વાંકુચૂંકું મોઢું કરીને એની વાત કરે છે, .

● લાંબાને કહે ઊંટ ભલે ને, રંજ ન ધરીએ એવા વેણે. પણ લાંબાને કહે બેવકૂફ, એ દુઃખ કેમ સહેવું ? ઉફ ઉફ !

●

ઊંટ કહે છે, હે ઈશ્વર ! જૂના જમાનામાં દલપતરામ નામના એક કવિએ" ઊંટના અઢારે વાંકા" એવી કવિતા લખી છે તે અમે જાણીએ છીએ.ભલે અમારા અંગ વાંકા હોય અમારા મન વાંકા નથી. ધરતી પરનાં બધાં પશુઓમાં અમે ગરીબ છીએ. રણમાં રહીએ છીએ. ઝાડીઝાંખરાને મેવામીઠાઈ ગણી ખાઈ લઈએ છીએ.પીઠ ઉપર માણસોનો ભાર ઊંચકીને રણની રેતીમાં દોડીએ છીએ.આ બધી વાતોનું અમને કશું દુખ નથી. કોઈ લાંબા માણસને કોઈ ઊંટ જેવો છે એમ કહે તેનોય અમને વાંધો નથી નથી પણ માણસો બેવકૂફને ઊંટ જેવો કહે છે તે બહુ ખરાબ વાત છે. તમારે આ માણસોને કંઈક સમજાવવા જોઈએ.

● ત્યાં તો એક ઘોડો હણહણાટી કરતો આવીને ઊભો રહે છે. પ્રભુ મારી પણ એક ફરિયાદ છે એમ કહી પોતાની વ્યથા રજૂ કરે છે.ઊંટ મહાપરાણે થોડી જગ્યા કરીને ઘોડા અને બળદની પાછળ ઊભું રહે છે.

● પોતે ખાય મલીદા મેવા; ધીંગામસ્તીમાં ખર જેવા; ખવરાવે છે અમને રોડાં, અને કહે ધીંગાને ઘોડા.

હે ભગવાન ! હવે મારો પહેલાના જેવો રુઆબ રહ્યો નથી. પહેલાં તો શૂરવીરો મારા પર સવારી કરતાં. હું સૂર્યનો રથ ખેંચતો. ઘોડાગાડી ખેંચતો. હવે એ બધી જાહોજહાલી રહી નથી. મને એનું દુખ નથી પણ , આ માણસો પોતે માલમલીદા ખાઈને ધીંગામસ્તી કરે છે અને આવી મસ્તી કરનારાને પાછા ઘોડા જેવા કહે છે. અમને એનું ભારે દુખ છે. તમે આનું કશુંક કરો.

શ્રી મનુભાઈએ ત્રિવેદીએ દરેક પશુની ફરિયાદ ઉપર ગધેડાની ફરિયાદ મુજબ બારથી ચૌદ પંક્તિમાં વિસ્તારથી કરી છે. પણ આ લેખમાં ફક્ત બે ચાર મુખ્ય લીટીમાં જ બતાવી છે. બધી આખેઆખી ફરિયાદો લખવામાં આવે તો લેખની લંબાઈ વધી જાય. ભગવાનની કૃપા થાય તો મનુભાઈ ત્રિવેદીના લેખોનું એક નાનકડું પુસ્તક બનાવવાની મનોકામના છે. તેમાં આપણે પશુપંખીઓની બધી ફરિયાદો વિગતવાર આપી શકાશે ત્યાં સુધી આટલી પ્રસાદીથી ચલાવી લેશોને મિત્રો ?